આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ સિંહ

આજના ગ્રહોની કુંડળી



બપોરે ચંદ્ર સાડા ચારે કન્યા રાશિમાં જશે. ચાંડાલ યોગ ચાલુ છે. કાલસર્પ યોગ ચાલુ છે.

મેષ જો જન્મના ગ્રહોનું પીઠબળ સારું હશે તો બપોરે સાડાચારે રાશિ બદલે છે તેથી પૂનમ યોગ અને ગ્રહણ યોગ બપોર પછી દૂર થાય છે જેથી કાલસર્પ યોગ અને ચાંડાલ યોગની આડઅસરોથી સંતાનોને બચાવવા માટે ઈષ્ટદેવની ભક્તિ - પૂજા કરવી.

વૃષભ સાતમે સ્વગૃહી મંગળ તમારી પત્ની / પતિને ક્રોધી બનાવે - વારંવાર ગુસ્સો કરાવે - શનિની યુતિ હોઈ મારું ધાર્યું કેમ ન થાય તેવો જક્કી અને જીદ્દી સ્વભાવ બનાવે - શાંતિ જાળવશો તો ફાવશો.

મિથુન ત્રીજે રાહુ સૂર્યથી દ્રષ્ટ હોઈ ખરાબ અસરો થતી નથી. પરંતુ તમોને ઘણા લાભ અપાવે તેવી બુધ શુક્રની યુતિ આઠમા સ્થાને રહી બીજે દ્રષ્ટિ કરતી હોઈ અવશ્ય ધનભુવન પ્રબળ બનાવે ને લાભ અપાવે.

કર્ક આઠમે સૂર્યથી તમો દાઝો નહીં - વાગે નહીં - પડો નહીં - તેવા યોગથી બચવા માટે તમારા ઈષ્ટદેવની ભક્તિ - પૂજા કરશો તો સારું રહેશે. બને તો સવારે સૂર્ય - પૂજા કરશો તો બચી જશો.

સિંહ બપોર સુધીના યોગો બાદ સાડા ચાર પછીથી થોડી વધુ રાહત રહેશે - ચંદ્ર બદલાય છે તેથી બપોર પછીનો સમયગાળો તમારા માટે આનંદનો ગાળો આવશે - સાચવશો.

કન્યા બારમે રાહુ - છઠ્ઠે સૂર્યની બારમે પોતાના ઘર પર દ્રષ્ટિ મહા ખર્ચ યોગનું નિર્માણ કરે છે. મહાદેવની ભક્તિ પૂજા કરવાથી વ્યર્થ ખર્ચાઓ ન આવે તે ચોક્કસ છે - ધ્યાન રાખશો.

તુલા અગિયારમે રાહુ - ગુરુ - ચંદ્ર તેમજ અગિયારમા સ્થાનના માલીકની દ્રષ્ટિને કારણે તમોને અત્યંત લાભો થવા સંભવ છે. આને વિજય યોગ પણ કહેવાય છે - આનંદમાં રહેશો.

વૃશ્ચિક રાશિપતિ મંગળ રાશિમાં ભ્રમણ કરવાથી તેમજ શનિ સાથે યુતિમાં હોવાથી શનિની આડઅસરો ઓછી / દૂર કરશે - ધીરે ધીરે મંગળ સ્વગૃહી હોઈ તમોને આનંદમાં લાવશે - કૌટુંબિક સુખ મળશે.

ધન બારમે શનિ / મંગળ તમોને ખોટું કાર્ય કરવા પ્રેરણા આપે માટે આપે સાવધ રહીને આવા ખોટા કાર્યોથી દૂર રહેવું અને ખોટા કાર્ય કરવા નહીં - સાચવજો નહીં તો હજુ ખર્ચના ખાડામાં ઉતરશો.

મકર રાશિપતિની ત્રીજી દ્રષ્ટિ મકર રાશિ ઉપર પડતી હોઈ તેમજ રાશિમાં બુધ / શુક્ર હોઈ હાલમાં તમારો સુવર્ણયુગ ચાલી રહ્યો છે - આર્થિક ફાયદો થશે - ઉન્નતિ થશે - મજા કરો.

કુંભ રાશિમાં સૂર્ય લોકભાગીદારી - લોકપ્રિયતાના સાતમા પોતાના સ્થાન ઉપર દ્રષ્ટિ કરતો હોઈ લોકપ્રિયતા - લોકભાગીદારીના કિસ્સામાં આપને લોકનાયક બનાવી શકે છે.

મીન બારમે સૂર્ય ખર્ચાઓ કરાવે તેમજ ક્રોધ - આવેશ - ગુસ્સાને કારણે હેરાન પરેશાન કરે નહીં માટે સૂર્ય પૂજા દરરોજ સવારે કરો તો સારું - ઈષ્ટદેવની ભક્તિ - પૂજા કરશો તો સારું.

ચિલોડામાં ટ્રાફીકની સમસ્યાને જડ મુળમાંથી દુર કરવા એએસપી કરણરાજ વાઘેલાએ કડક કાર્યવાહી હાથ ધરેલ છે. જેમાં હાલ પ્રાંતિજ, હિંમતનગર, અમદાવાદ વાયા ચિલોડા વચ્ચે ચાલતી ખાનગી પેસેન્જર ગાડીઓ ઉપર તવાઈ શરૂ કરાઈ છે. જેના ભાગરૂપે મંગળવારના રોજ એએસપીએ જાતે જ સરપ્રાઈઝ ચેકીંગમાં સર્વિસ રોડ ઉપર મુસાફરો ભરતી અને નો પાર્કીંગ ઝોનનો દુરપયોગ કરતી ઈકો ગાડીને લોક મારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ અધિકારીની કડક કાર્યવાહીથી ગેરકાયદેસર મુસાફરો વહન કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

વડાલી નગરપાલિકામાં સત્તા પરિવર્તન : ભગવો લહેરાયો

હિંમતનગર, તા. ૨૩

વડાલી નગરપાલિકાની ૨૪ બેઠકો માટે ગત શનિવારે યોજાયેલ ચૂંટણીની મતગણતરી મંગળવારે મામલતદાર કચેરીમાં યોજાઈ હતી. જેમાં ૨૪ બેઠકો પૈકી ૧૭ બેઠકો ભાજપને, જયારે ૭ બેઠક કોંગ્રેસને મળી છે. ગત ટર્મમાં વડાલી નગરપાલિકામાં કોંગ્રેસનું શાસન હતું. જેથી સ્થાનિક લોકોએ ભ્રષ્ટાચાર સહિતના અન્ય વિકાસ કામોના મુદ્દે કોંગ્રેસને જાકારો આપી સત્તા પરિવર્તન કરી ભાજપને સુકાન સોંપ્યું છે.

આ અંગેની વિગત એવી છે કે વડાલી નગરપાલિકાની ૨૪ બઠકો માટે જાહેરનામુ પ્રસિધ્ધ થતાની સાથે જ ભાજપ અને કોંગ્રેસ દ્વારા સત્તા હસ્તગત કરવા માટે અનેક પ્રયત્ન અજમાવવામાં આવ્યા હતા. પરંતુ આખરે તો કોને સત્તા સ્થાને બેસાડવા તેનો નિર્ણય મતદારોને કરવાનો હોય છે ત્યારે આ વખતે વડાલી પાલિકા વિસ્તારમાં આવતા મતદારોએ ગત ટર્મમાં વિકાસ કામો તથા પ્રજાના પ્રશ્નોને ઉકેલવા માટે નિરૂત્સાહ દાખવનાર કોંગ્રેસને ઘરના દરવાજા બતાવી દેવાનો નિર્ણય કર્યો હોય તેમ વોર્ડ નં. ૧, ૨ અને ૬માં કોંગ્રેસનો સફાયો કરી નાખ્યો છે તો બીજી તરફ વોર્ડ નં. ૪માં કોંગ્રેસને ૪ અને વોર્ડ નં. ૩ અને ૫માં ફક્ત બે બેઠકોથી સંતોષ માનવો પડયો છે. પરિણામ જાહેર થયા બાદ વિજયી ઉમેદવારોનું તેમના ટેકેદારો અને મતદારો દ્વારા વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું.

ખેલ મહાકુંભની લોન ટેનિસ સ્પર્ધામાં ગાંધીનગરને ગોલ્ડ મેડલ

ખેલ મહાકુંભ અંતર્ગત લોનટેનિસ રાજયકક્ષાની સ્પર્ધાનું પાટણ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાઈઓની ડબલ્સ ૪૫ થી ૬૦ વર્ષના વયજુથમાં ગાંધીનગરના અતુલ બક્ષી અને શિરિષ સુતરીયાએ વિજેતા થઈ ગોલ્ડમેડલ મેળવીને સચિવાલય જીમખાના અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. અતુલ બક્ષી અને શિરિષ સુતરીયાએ ખેલ મહાકુંભમાં રાજય કક્ષાએ ટેનિસ ડબલ્સમાં ૨૦૧૧માં ગોલ્ડમેડલ અને ૨૦૧૩માં સિલ્વર મેડલ પણ પ્રાપ્ત કર્યો હતો.

રાજ્યમાં ૧૬ પાલિકાઓમાં ભાજપનો ભગવો લહેરાયો

ભાભર નગરપાલિકામાં તમામ ૨૪ બેઠકો ભાજપના ફાળે : ૨૦૧૭ના સ્વપ્ના જોતી કોંગ્રેસના સ્વપ્ના ચકનાચૂર : ૦૬ નગરપાલિકાઓમાં કોંગ્રેસને શૂન્ય બેઠક

ગાંધીનગર, તા. ૨૩

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે, આજરોજ ૨૭ નગરપાલિકાના જાહેર થયેલા પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ ૧૬ નગરપાલિકાઓમાં બહુમતી પ્રાપ્ત કરતા ભાજપ શાસિત નગરપાલિકાઓ બની છે.

૨૧ જિલ્લાની ૨૭ નગરપાલિકાઓની ૬૬૦ બેઠકો માટેની યોજાયેલી સામાન્ય ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ ૩૯૫ બેઠકો પર વિજય મેળવી શહેરી ક્ષેત્રમાં ભગવો લહેરાયો છે. બનાસકાંઠા જિલ્લાની ભાભર નગરપાલિકાની તમામ ૨૪ બેઠકો ભાજપા જીત્યુ છે. ૧૫ નગરપાલિકાઓમાં ભાજાએ સ્પષ્ટ બહુમતી અને ઠાસરા નગરપાલિકામાં અપક્ષના ટેકાથી એમ કુલ ૧૬ નગરપાલિકાઓ ભાજપા શાસિત બની છે. ગીર સોમનાથની સુત્રાપાડા નગરપાલિકામાં સરખી બેઠકો પ્રાપ્ત થતા ટાઈ પડી છે.

શ્રી જાડેજાએ ૨૦૧૭ના સ્વપ્ના જોતી કોંગ્રેસને ટોણો મારતા જણાવ્યું હતું કે, આજના નગરપાલિકાઓના પરિણામોએ કોંગ્રેસના સ્વપ્ના ચકનાચૂર કર્યા છે. વડોદરા જિલ્લાની સાવલી, ખેડા જિલ્લાની કઠલાલ અને ઠાસરા, અરવલ્લી જિલ્લાની બાયડ, બનાસકાંઠા જિલ્લાની ભાભર અને અમરેલી જિલ્લાની દામનગર નગરપાલિકામાં કોંગ્રેસનું ખાતુ જ ખુલ્યુ નથી. આજના પરિણામો સાબિત કરી દીધુ છે કે પ્રજાના હૃદયમાં કોંગ્રેસ નથી.

પ્રદેશ અધ્યક્ષ શ્રી વિજયભાઈ રૂપાણીએ નગરપાલિકામાં ચૂંટાયેલા સભ્યોને અભિનંદન પાઠવી પાલિકા વિસ્તારના ભાજપાના કાર્યકર્તાઓ અને પ્રજાજનોનો આભાર માન્યો હતો.

રાજ્ય અંદાજપત્ર પર એક નજર...

- ગુજરાતના ૨૦ રેલવે સ્ટેશનોનું પીપીપી ધોરણે આધુનિકરણ કરાશે
- ઈજનેરી વિભાગમાં ૧૨૦૦ જગ્યામાં થશે ભરતી, હિસાબી શાખામાં ૧૧૦૦ અને જુનિયર ક્લાર્કની ૩૦૦૦ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે
- પશુપાલન અને ડેરી માટે ૬૧૪ કરોડ રૂપિયા
- ટેક્સટાઈલ ઉદ્યોગને પ્રોત્સાહન માટે ૫૦૦ કરોડ
- અગારિયાઓ માટેની યોજનાઓ માટે ૩૧ કરોડ
- સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ હેઠળ વેન્ચર કેપિટલ માટે ૫૦ કરોડ
- રમત-ગમત માટે ૫૭૦ કરોડની જોગવાઈ
- પોલીસમાં ૧૭૨૦૦ જગ્યાએ ભરતી કરાશે
- ૫ યુનિવર્સિટીમાં ડોક્ટર બાબાસાહેબ ચેર ઉભી કરાશે
- ૮ મનપાની કોલેજો અને યુનિવર્સિટીઓમાં વાઈફાઈની સુવિધા અપાશે
- રાજકોટ ખાતે કન્વેશન સેન્ટર સ્થાપવા માટે ૧૦ કરોડ
- એપરલ પાર્ક વિકસાવવા માટે ૫૦ કરોડ
- મહાનગરોમાં મલ્ટીલેવલ પાર્કિંગ માટે ૨૦ કરોડ
- અમદાવાદની ખારીકટ કેનાલના સર્વેમાટે એક કરોડ
- આદિજાતિ વિકાસ માટે ૧૭૭૯.૧૯ કરોડ
- સીનિયર સિટિઝન તીર્થ યોજના માટે ૧.૬૦
- દરેક બાળકને શિક્ષણ મળી રહે તે માટે ૪૮૨.૫૫ કરોડ
- સિંચાઈ અને પૂરનિયંત્રણ માટે ૧૪૨૯૪.૨૦ કરોડની ફાળવણી
- ઊર્જા ક્ષેત્રે ૬૮૨૩.૮૨ કરોડ
- ઉદ્યોગો અને ખનિજ માટે ૨૯૫૫.૨૬ કરોડ
- પરિવહન ક્ષેત્ર માટે ૭૯૬૯ કરોડ
- સુરત અને રાજકોટમાં સ્પોર્ટ્સ એકેડેમી સ્થપાશે
- કિસાન પથ યોજના માટે ૫૫ કરોડ
- સામાજિક સેવા માટે ૪૦૨૫૫ કરોડ
- ૩૦૦ ગામને સ્માર્ટ વિલેજ તરીકે વિકસાવવામાં આવશે
- ૬ લાખ સુધીની કૌટુંબિક આવક ધરાવતા લોકોને શિષ્યવૃત્તિનો લાભ મળશે
- સંકલિત બાળ વિકાસ યોજના માટે ૨૩૨૫ કરોડ
- ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવા માટે ૧૦ કરોડની જોગવાઈ
- વડોદરામાં ક્રોકોડાઈલ પાર્ક માટે ૧૫ કરોડની જોગવાઈ
- મા યોજના માટે ૧૬૦ કરોડ
- ખેલ મહાકુંભના આયોજન માટે ૭૩.૮૭ કરોડની ફાળવણી
- ધોલેરા સર માટે ૧૮૦૬ કરોડ
- શહેરી વિકાસ ગૃહનિર્માણ માટે ૧૧૨૫૬ કરોડની ફાળવણી
- રાજ્યમાં કુલ ૬ નવા ફ્લાયઓવર બનશે. ૫૧૫ કરોડની જોગવાઈ
- માર્ગ મકાન વિભાગ માટે ૮૪૦૨ કરોડની ફાળવણી
- સમાજ સુરક્ષા માટે ૬૨૩ કરોડ
- મહિલા બાળવિકાસ માટે ૨૬૧૫ કરોડની ફાળવણી
- સામાજિક ન્યાય અધિકારીતા માટે ૨૭૨૯ કરોડ રૂપિયા
- પ્રવાસન-યાત્રાધામ વિકાસ માટે ૮૩૪ કરોડ
- આરોગ્ય પરિવાર કલ્યાણ માટે ૮૨૧૨ કરોડ
- સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ માટે ૫૦ કરોડની જોગવાઈ
- કેન્સર હોસ્પિટલ અમદાવાદ માટે ૮૨ કરોડ
- મિશન બલમ સુખમ માટે ૧૦૭૫ કરોડ
- આગામી બે વર્ષમાં ૩૧ કોલેજો શરૂ કરાશે
- ૧૦ હોસ્પિટલોમાં હિમો ડાયાલિસીસ સેન્ટર શરૂ કરાશે
- ડાયાબિટીસ, બ્લડપ્રેશરના દર્દીઓને સરકારી હોસ્પિટલોમાં આજીવન ફ્રી સારવાર
- વાયબ્રન્ટ ગુજરાત માટે વર્ષ ૨૦૧૭ માટે ૭૦ કરોડ
- શ્રમ રોજગાર માટે ૧૫૧૬ કરોડ
- સામાન્ય સેવા માટે ૧૦૯.૫૨ કરોડ
- સરદાર સરોવર યોજનામાં રેડિયાલ ગેટ બેસાડવા માટે ૧૬૩ કરોડની જોગવાઈ
- પાચ લાખ હેક્ટર જમીનને સિંચાઈ પુરી પડાશે
- કચ્છને પાણી પહોંચાડવા ૩ પમ્પિંગ સ્ટેશન બેસાડાશે
- નારી સંક્ષણ ગૃહોને અદ્યતન અને તાલીમ માટે એક કરોડ
- મા વાત્યસલ્ય યોજના અત્યંત ઉપયોગી નિવડી
- આવક મર્યાદા ૪.૫૦ લાખથી વધારીને છ લાખ કરાઈ
- ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સો માટે ૧૦૦ એમ્બ્યુલન્સો વધુ ફાળવણી કરાશે
- ૧૦નવી કન્યા છાત્રાલયોશરૂ કરવા માટે ૩.૧૩ કરોડ
- રાજકોટ જિલ્લામાં પશુપાલન ટેકનિકલ કોલેજ સ્થપાશે
- સ્ટેચ્યુ ઓફ યુનિટિ માટે ૧૦૬૬ કરોડ
- કૃષિ વિકાસ માટે ૫૯૪૦ કરોડ
- જળ સંપત્તિ અને કલ્પસર માટે ૫૨૪૪ કરોડ
- પશુપાલકોને ૩ વર્ષ માટે ૫ ટકાના દરે ધિરાણ અપાશે
- ખેડૂતોને ખરીફ પાક માટે લોન
- નર્મદા યોજના માટે ૯૦૫૦ કરોડ
- શિક્ષણ વિભાગ માટે ૨૩૮૧૫ હજાર કરોડ
- સંદેશા વ્યવહાર માટે ૯૯૭.૩૫ કરોડ
- ગ્રામ વિકાસ માટે ૨૦૬૪.૮૯ કરોડ
- મહિલા અને બાળ વિકાસ માટે ૨૬૧૫ કરોડની ફાળવણી
- વર્ષ ૨૦૧૬-૧૭ યુવા વર્ષ તરીકે જાહેર
- યુવા સ્વાવલંબન માટે એક હજાર કરોડ
- ખેતી માટે ૧૨૫૦૦ મીટરની ભૂગર્ભ પાઈપલાઈન નંખાશે
- વાર્ષિક વિકાસ યોજનાઓનું કદ આ વર્ષ માટે ૮૫૫૫૭.૫૮ કરોડ રૂપિયા
- ૧૧૬૩૯૫.૯૮ રૂ. મહેસુલી આવક
- ગુજરાતની પ્રજાની ૨૫૧ કરોડની રાહતો અપાઈ
- પ્રજા પર ૧૯૫ કરોડનો વેરાબોજ નખાયો
- વર્ષ ૨૦૧૬-૧૭ માટે ૧૮૯.૪૯ની પુરાંતવાળુ બજેટ
- મચ્છરદાની પરનો વેરો સંપૂર્ણ માફ
- સેનેટરી નેપ્કીન અને ડાઈપર પરનો વેરો સંપૂર્ણ માફ
- કંપનીઓ દ્વારા ખરીદાતા વાહનો પરનો વેરો ૧૦ ટકાથી વધારીને ૧૫ ટકા કરાયો
- સિરામીક પ્રોડકટ પર વેટમાં ૧૦ ટકાનો ઘટાડો, ૧૫ ટકાથી ઘટાડીને ૫ ટકા
- પાનમસાલા પર વેરાનો દર ૧૫ ટકાથી વધીને ૨૫ ટકા વધાર્યો
- ૧૫ લાખથી વધુની કાર અને લાખથી વધુના ટુ વ્હીલર મોંઘા બનશે, વેરો વધારીને ૨૦ ટકા કરાયો
- સાયકલ રિક્ષા પરનો વેરો નાબુદ
- વાંસ અને વાંસની બનાવટો પર લાગતો ૫ ટકા વેરો માફ
- વિકાસ પથ યોજના માટે ૫૫ કરોડ રૂપિયા
- સિંહ સંરક્ષણ તારની વાડ બનાવવા માટે ૨૪ કરોડ રૂપિયા
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ માટે ૧૦૪૨ કરોડ રૂપિયાની જોગવાઈ
- દુધ સંજીવની યોજના માટે ૩૧૧ કરોડ રૂપિયા
- એમએસએમઈ એકમો માટે ૫૯૬ કરોડ રૂપિયા
- ૭૫ નવી નારી અદાલતો શરૂ કરવા માટે ૨.૧૦ કરોડ રૂપિયા
- દાહોદ, છોટાઉદેપુરમાં પાણી પુરવઠા માટે ૧૫૦ કરોડ રૂપિયા
- નવી ૧૬૦૦ બસો ખરીદવાનો નિર્ણય
- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ માટે ૭૭૩૪.૩૮ની ફાળવણી
- હેલ્થ અને સેનિટેશન માટે મોબાઈલ કોર્ટની રચના થશે
- ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન આપવા માટે ૧૪ કરોડની જોગવાઈ

નવાં ક્લેવર ● ૪ પાનાનું ચાલુ...

પ્રારંભ કરવાની પ્રમુખ મહોદય પાસે અનુમતિ માંગી... આ રીતે તે દિવસનું ઉદ્‌ઘાટન સત્ર શરું થયું. અંગ્રેજીમાં થીસીસ વાંચનની જગ્યાએ એક સજ્જને ગુજરાતીમાં એક સામાન્ય વિષય અભ્યાસ પર લેખન વાંચન કર્યું. કારણ વગર તાળીયો પડવા લાગી. અમુક શ્રોતાઓએ સીટીઓ વગાડી હોલને ગુંજતો કર્યો. એમ લાગતું હતું કે કોઈ સાહિત્યનો કાર્યક્રમ નહીં પણ ચૂંટણીસભા કે ફિલ્મનો હોલ હોય.

તે પછી બીજા કેટલાક વક્તાઓએ તે અંગે પોતાના વિચારો રજૂ કર્યા. તે પછી મને બોલવા માટે આમંત્રિત કરાયો. હું વક્તા રુપે કાચો જ છું. જો કે લખી સારું શકું. બોલવામાં લોચા પડે. જાહેર પ્રવચન બહુ ન ફાવે. તેથી મેં મારી પાસે બેઠેલા આયોજન સમિતિના સદસ્યને કાનમાં કહ્યું કે ભાઈ હું તો અહીં શ્રોતા તરીકે આવ્યો હતો. તૈયારી વગર આ વિષય પર કેવી રીતે બોલી શકીશ?

તે બોલ્યા, અભ્યાસ લેખ રજૂ કરનારાએ પણ હમણાં જ લખી ને રજૂ કર્યો છે. અન્ય વક્તાઓ પણ વગર તૈયારીએ જ બોલ્યા છે. તમે પણ જેમતેમ બે શબ્દો બોલી જાવને કંઈ વાંધો નહીં આવે. આ શ્રોતાઓમાં કોઈ મુર્ધન્ય તો છે નહીં. આજુબાજુની દુકાનોના નોકરો અને લેબર છે. અમારી સંસ્થાના એ બધા સદસ્ય છે. બધાને સમજાવી દીધેલું છે. તમે, જે બોલવું હોય તે બોલો એ લોકો તાળીઓ પાડશે. હવે જયારે કાર્યક્રમ કર્યો જ છે તો ગમે તે રીતે જાતની ભેજામારી વિના પુરો કરવામાં જ સૌની ભલાઈ છે. આપણા નગરની ઈજ્જતનો સવાલ છે. હાં, મીડિયામાં કવરેજ સારું આવશે. તેમાં આપણાં ઘણા માણસો છે. આ વાતે મારામાં હિંમત આવી ગઈ. મેં ચાલી જાય એવું ભાષણ ઠપકારી દીધું. ઉપસ્થિત લોકોએ જોરદાર તાળીઓ પાડી.

મને અધ્યક્ષ દ્વારા ઝટપટ ઉતાવળેથી લખાયેલ સન્માનપત્ર આપી શાલ ઓઢાળવામાં આળી. જે ખુશીથી મેં સ્વીકારી. તે પછી 'સોનામાં સુગંધ' ની જેમ સ્વાદિષ્ટ ભોજન કરી આયોજકોનો આભાર વ્યક્ત કરી હું વિદાય થયો ત્યારે તેમણે સ્થાનિક ચેનલના સમાચારો અને આવતીકાલના અખબારો જોવાની મને તાકીદ કરી, મને થયું. અરે નિરંજન તું થો ધન્ય થઈ ગયો...

અંદાજપત્ર ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાવેશ થયેલ છે, જે ગત વર્ષના આયોજનના કદ કરતાં ૮ ટકાનો વધારો સૂચવે છે.

રાજ્યમાં અન્ન, નાગરિક અને પુરવઠા વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, આદિજાતી વિકાસ, સામાજિક ન્યાય અને કૃષિ અને સહકાર વિભાગ, વન અને પર્યાવરણ, માર્ગ અને મકાન વિભાગ, માટેના રાજ્ય દ્વારા આયોજનની ફાળવણીમાં મહત્વપૂર્ણ વધારો કરવામાં આવેલ છે. રાજ્યના કુલ આયોજનની ફાળવણીની ૪૭ ટકા કરતાં વધુ રકમ સામાજિક ક્ષેત્ર માટે ફાળવવામાં આવેલ છે.

'મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના' જે ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ માટે આશિર્વાદ રૂપ સાબિત થયેલ છે તેનું કદ રૂ. ૧૦૦૦ કરોડ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. લાયકાતના ધોરણમાં છુટછાટ આપીને આ યોજનાના કદ અને વ્યાપ વધારવામાં આવેલ છે. જેમાં આવક મર્યાદા રૂ. ૪.૫ લાખથી વધારીને રૂ. ૬ લાખ તેમજ પર્શનટાઈલ ૯૦ થી ઘટાડીને ૮૦નો સમાવેશ કરવામાં આવેલ છે.

ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારમાં રોડ નેટવર્કને વધુ મજબૂત કરવાના આશયથી ઉત્તમ ગુણવત્તા અને બારમાસી કનેક્ટીવીટી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે અંદાજપત્રમાં રૂ. ૨૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાતના લગભગ ૩૦૦ ગામોને 'સ્માર્ટ વિલેજ' તરીકે વિકસીત કરવામાં આવશે. ગામોને સ્વાવલંબિત, સ્વચ્છ, ગુનામુક્ત, રોગમુક્ત, સમરસ તેમજ આર્થિક રીતે સશક્ત બનાવવા માટે ગામોની પસંદગી સ્વતંત્ર અને પારદર્શક સ્પર્ધા દ્વારા કરવામાં આવશે. દરેક સ્માર્ટ વિલેજને રાજ્ય સરકાર તરફથી વિશેષ સહાય આપવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે. જેના માટે અંદાજપત્રમાં રૂ. ૧૮૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

રાજ્યના ખેડૂતોને ખરીફ પાક માટે ફક્ત ૧ ટકાના દરે રૂ. ૩ લાખ સુધી કૃષિ ધિરાણ મળી રહે તે માટે સરકારે ખેડૂતોને વધારાની વ્યાજ રાહત આપવા માટે અંદાજપત્રમાં રૂ. ૩૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજનાથી ૩૮ લાખ ખેડૂતોને લાભ પ્રાપ્ત થશે.

ખેડૂત માટે ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરોવર યોજના માટે ૯૦૫૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. બ્રિજના સ્લેબના તમામ ૩૦ ગાળાનું કામ પૂર્ણ કરવામાં આવી ચુક્યું છે. ખેડૂતોને જમીન સંપાદન કર્યા વિના ૬૪ તાલુકાના પાંચ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ભૂગર્ભ પાઈપલાઈનના કામો માટે ૨૦૨૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ૬૫૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતોના ત્રણ લાખ હેક્ટર વિસ્તારમાં ટપક સિંચાઈ પદ્ધતિ દ્વારા સિંચાઈની સુવિધા વધારવા ૭૬૫ કરોડની જોગવાઈ કરાઈ છે. જળસંપત્તિ અને કલ્પસર માટે ૫૨૪૪ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે.

વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૬ અને જિલ્લા કક્ષાએ ૪ જગ્યાઓ હાલ ખાલી પડેલ છે.

મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૨૪૮૦ મહેસુલી તલાટીઓની ભરતી કરવા અંગેનું માંગણા પત્રક ગૌણ સેવા પસંદગી મંડળને મોકલવામાં આવેલ છે. જે અન્વયે મંડળ દ્વારા પરીક્ષા લઈને ઉમેદવારોની ભલામણ થયેથી ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

● પીયજથી ધરોઈ જળાશયમાં પાણી નાંખવાની યોજના

કોંગીના ધારાસભ્ય શ્રી પ્રહલાદભાઈ પટેલે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ પીયજ કલોલથી માણસા વિજાપુર તાલુકાઓમાંથી પસાર કરીને ધરોઈ જળાશયમાં પાણી નાખવાનીનવી પાઈપલાઈન નાખવાની કાર્યવાહી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપતિ મંત્રીએ જણાવ્યું છે કે આ યોજનાને તાંત્રિક મંજૂરી આપવામાં આવી છે.

જળસંપત્તિ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે રૂ. ૪૮૨ કરોડનો ખર્ચ થવાના અંદાજ સામે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ૧.૫૦ લાખનો ખર્ચ થયો છે. આ યોજના જૂન-૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

● પોલીસ કર્મીઓને બંધક બનાવવા બાબત

કરાઈ એકેડમી ખાતે આઈ.પી.એસ. અધિકારી દ્વારા પોલીસ કર્મીઓને બંધક બનાવવા અંગેના કોંગીના નિરંજન પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના લેખિત ઉત્તરમાં રાજ્ય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યં છે કે સરકાર આ બાબતથી વાકેફ છે.

આ બનાવ અંગે તપાસ સોંપવામાં આવી હતી અને પ્રાથમિક તપાસનો અહેવાલ રાજ્ય સરકારને તા. ૨૨ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ મળેલ છે. જે હાલ રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે.

● ૨૭ ગામના તળાવો ઉંડા કરાયા

ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ તળાવ ઉંડા ઉતારવા બાબત પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૨૭ ગામોના તળાવ ઉંડા કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું છે કે આ પાછળ રૂ. ૨૨૯.૬૮ લાખનો ખર્ચ થયેલ છે. જેમાં કલોલ તાલુકામાં રૂ. ૭૫.૪૮ લાખ, માણસા તાલુકામાં ૫૪.૩૨ લાખ, દહેગામ તાલુકામાં ૪૩.૮૭ લાખ અને ગાંધીનગર તાલુકામાં ૫૬.૦૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. આ કામગીરી માટે હવે કોઈ ચુકવણુ કરવાનું બાકી નહિ હોવાનું પણ મંત્રીશ્રીએ જણાવ્યું છે.

● પડતર કેસો

ગાંધીનગર જિલ્લામાં મહેસુલ નિયમ ૧૦૮(૬) ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ૯૯૬ કેસ પડતર છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૪૨૨, દહેગામમાં ૧૦૪, કલોલમાં ૩૯૩ અને માણસા તાલુકામાં ૭૭ કેસનો સમાવેશ થાય છે.

મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે આ પૈકી ૬૨૦ કેસ બે વર્ષથી ઉપરના બાકી છે. જેમાં ગાંધીનગરના ૨૬૬, દહેગામના ૫૦, કલોલના ૨૫૫ અને માણસાના ૪૭ કેસનો સમાવેશ થાય છે. અર્ધ ન્યાયિક પ્રક્રિયા હોવાને કારણે બનતી ત્વરાએ આ કેસોનો નિકાલ કરવામાં આવશે તેમ મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

વસુલાત માટે ઝુંબેશ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોડાણકર્તાઓ દ્વારા ઉદાસીનતા સેવાતા તંત્રના ચોપડે વર્ષો જુના બાકી વેરાની રકમ પણ મોટી છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા બાકીદારોને માત્ર નોટીસ આપી આગળ કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા વેરાની ચુકવણી માટે પણ જોડાણકર્તાઓને ફાવતુ જડતુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ગત વર્ષની વેરા વસુલાત ઝુંબંશના અંતે પણ માત્ર ૫૦ ટકા જ વસુલાત થઈ શકી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે વર્ષ ૨૦૧૬-૧૭ને અનુલક્ષીને તંત્ર દ